## Remembering the Guru …

… … Throughout our talks extending over many years and to many subjects, I don't remember a single occasion when Sri Aurobindo lost his patience with us. He never refused to answer any Question but on the contrary would explain at great length and repeatedly if some points did not enter my head. "Do you understand?" he would ask softly. The tone was always affable. … … If we have not profited as much as we should have by his talks, at least his patient tolerance and indulgence, wideness of outlook and leaven humour have cast a radiant influence on our souls. … …

– Nirodbaran

From 'Twelve years with Sri Aurobindo.' P. 235

## ગુરુનું સ્મરણ …

… … ઘણા વર્ષો સુધી અનેક વિષયો ઉપર ચાલેલા અમારા વાર્તાલાપ દરમિયાન એક પણ પ્રસંગે શ્રી અરવિન્દે ધીરજ ગુમાવી હોય એવું યાદ નથી. એમણે કોઈ પણ પ્રશ્નનો જવાબ આપવાની કદી ના પડી ન હતી. ઊલટાનું તેઓ કોઈ મુદ્દા મને સમજાતા ન હોય ત્યારે વારંવાર વિશદતાથી સમજાવવાનો પ્રયત્ન કરતા. તેઓ ધીમેથી મને પૂછતા, "તમે સમજી શકો છો? " તેમનો અવાજ પ્રેમાળ અને સ્નેહભીનો રહેતો. … … એમની સાથેના વાર્તાલાપોથી અમને જેટલો જોઈએ તેટલો લાભ કદાચ ન થયો હોય, તો પણ તેમની ધૈર્યભરી સહનશીલતા, વાત્સલ્યભરી મમતા, દૃષ્ટિબિન્દુની વિશાળતા અને ઉત્કટ વિનોદવૃત્તિ વિગેરે ગુણોએ ઓછામાં ઓછું અમારા આત્મા ઉપર તેજસ્વી પ્રભાવ પાથર્યો છે.

– નીરોદબરન

'શ્રી અરવિન્દના સાંનિધ્યમાં બાર વર્ષ' માંથી - પૃ ૨૫૭

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN 87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2025
JULY
૧ જુલાઈ, ૨૦૨૫

# The inexpressible...
# અનિર્વચનીય

**With fervour I hail thee**, O divine Mother, and in deep affection identify myself with Thee. United with our divine Mother I turn, O Lord, to Thee, and bow to Thee in mute adoration and in an ardent aspiration identity myself with Thee.

Then all becomes a marvellous Silence; Being is absorbed in Non-Being, all is suspended, at rest, motionless.

How shall one express the inexpressible?

**– The Mother**

(Prayers and Meditations)
September 13, 1914

**હે દિવ્ય મા**, હું તને ઉમળકાપૂર્વક નમન કરું છું અને એક ઊંડી લાગણી સાથે મારી જાતની તારી સાથે એકતા કરું છું. અમારી દિવ્ય મા સાથે એકરૂપ બનીને, હે પ્રભુ, હું તારા પ્રત્યે વળીને એક મૂક ભક્તિભાવમાં નમન કરું છું; અને એક આતુર અભીપ્સામાં હું તારી સાથે તાદાત્મ્ય કરું છું.

પછી સર્વ કાંઈ અદભુત નીરવતા બની જાય છે, સ્વરૂપનો અ-સત્ માં લોપ થઈ જાય છે, સર્વ કાંઈ અટકી પડે છે, સ્થિર અને અવિકારી બની રહે છે …

અનિવર્ચનીય વાત કેવી રીતે કરવી ? …

**– શ્રી માતાજી**

(પ્રાર્થનાઓ અને ધ્યાન)
તા. ૧૩ સપ્ટેમ્બર, ૧૯૧૪

*In some of the Mother's Prayers which are addressed to "divin Maître" I find the words: "avec notre divine Mère". How can the Mother and "divin Maître" have a "divine Mère"? It is as if the Mother was not the "divine Mère" and there was some other Mother and the "divin Maître" was not the Transcendent and had also a "divine Mère"! Or is it that all these are addressed to something impersonal?*

The Prayers are mostly written in an identification with the earth-consciousness. It is the Mother in the lower nature addressing the Mother in the higher nature, the Mother herself carrying on the Sadhana of the earth-consciousness for the transformation, praying to herself above from whom the forces of transformation come. This continues till the identification of the earth-consciousness and the higher consciousness is effected. The word "notre" is general, I believe, referring to all born into the earth-consciousness — it does not mean the Mother of the "Divin Maître" and myself. It is the Divine who is always referred to as Divin Maître and Seigneur. There is the Mother who is carrying on the Sadhana and the Divine Mother, both being one but in different poises, and both turn to the Seigneur or Divine Master. This kind of prayer from the Divine to the Divine you will find also in the Ramayana and the Mahabharata.

Dt. 21 August 1936 **– Sri Aurobindo**

Letters on 'Prayers and Meditations'

**પ્રશ્ન:-** "દિવ્ય પ્રભુ" ને સંબોધીને શ્રી માતાજીએ લખેલી કેટલીક પ્રાર્થનાઓમાં હું જોઉં છું કે "આપણાં મા ભગવતીની સાથે" એવા શબ્દો વાપરવામાં આવ્યા છે. એવું કઈ રીતે હોઈ શકે કે શ્રી માતાજી અને "દિવ્ય પ્રભુનાં" પણ એક "દિવ્ય માતાજી" હોય? આ તો જાણે એવું લાગે છે કે શ્રી માતાજી પોતે "દિવ્ય માતાજી" ન હોય પણ કોઈ બીજાં માતાજી હોય અને "દિવ્ય પ્રભુ" પણ પરાત્પર સ્વરૂપ ન હોય અને એમનાં પણ કોઈ "દિવ્ય માતાજી" હોય! અથવા તો પછી આમાં એવું છે કે કોઈ નિર્વ્યક્તિક ચેતનાને ઉદ્દેશીને લખાયેલું છે ?

**ઉત્તર:-** આ પ્રાર્થનાઓ મોટે ભાગે પૃથ્વીની ચેતના સાથે તદ્રુપ થઈને લખેલી છે. આમાં નિમ્ન પ્રકૃતિમાં રહેલાં માતાજી, ઊર્ધ્વ પ્રકૃતિમાં રહેલાં માતાજીને ઉદ્દેશીને લખે છે, શ્રી માતાજી પોતે જ રૂપાંતર માટે પૃથ્વીની ચેતનાની સાધના કરે છે અને પોતાના ઊર્ધ્વમાં રહેલા સ્વરૂપને પ્રાર્થના કરે છે જ્યાંથી રૂપાંતરની શક્તિઓનું આગમન થાય છે. પાર્થિવ ચેતના અને ઊર્ધ્વતર ચેતનાનું તાદાત્મ્ય સિદ્ધ થાય ત્યાં સુધી આ પ્રમાણે ચાલ્યા કરે છે. હું માનું છું કે "આપણાં" શબ્દ સર્વને લાગુ પડે છે એટલે કે પૃથ્વીની ચેતનામાં જન્મેલાં સર્વ કોઈને લાગુ પડે છે - એનો અર્થ 'દિવ્ય પ્રભુ' નાં અને મારાં માતાજી એવો થતો નથી. જ્યાં જ્યાં દિવ્ય પ્રભુ અને સ્વામીનો ઉલ્લેખ છે ત્યાં પરમાત્માને લક્ષમાં રાખીને લખાયેલું છે. આમાં સાધના કરનાર શ્રી માતાજી અને દિવ્ય માતાજી બન્ને એક જ સ્વરૂપનાં અલગ અલગ પાસાં છે અને બન્ને સ્વામી અથવા દિવ્ય પ્રભુ પ્રત્યે વળે છે. આ પ્રકારની પ્રાર્થનાઓ, દિવ્ય સ્વરૂપે દિવ્ય સ્વરૂપને કરેલી પ્રાર્થનાઓ તમને રામાયણ અને મહાભારતમાં પણ જોવા મળશે.

તા: ૨૧.૮.૩૬ – શ્રી અરવિન્દ

'પ્રાર્થનાઓ અને ધ્યાન' ઉપરના પત્રોમાંથી